# પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

## જાહેરનામા ક્રમાંક – ગ/ઉપક/૧૦૭ /૨૦૧૬, તા.૧૯/૧૨/૨૦૧૬

---

**જાહેરનામુ :**

છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ઉડાડવાની પ્રથા શરૂ થયેલ છે. અનુભવે જણાયુ છે કે આવા પ્રકારના સ્કાય લેન્ટર્ન ઉડાડવાથી કોઇ મોટી દુર્ઘટના અથવા જાનહાનિનો બનાવ બની શકે તેમ છે. જે જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમરૂપ છે. સ્કાય લેન્ટર્નના ઉપયોગથી પર્યાવરણને પણ નુકશાન થતું હોય છે. જેથી અમદાવાદ શહેરની જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાને લઇ સ્કાય લેન્ટર્નના ઉપયોગ અંગે વ્યાજબી પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સીઆરપીસી/૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ સ્કાય લેન્ટર્નનાં આયાત, ઉત્પાદન, વેચાણ, વ્યાપાર અને ઉડાડવા ઉપર પ્રતિબંધ મૂકવા ફરમાવુ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ આઇપીસી કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો અમલ તારીખ : ૨૦ / ૧૨ /૨૦૧૬ થી તારીખ: ૩૧/ ૦૧ /૨૦૧૭ સુધી રહેશે.

આજ રોજ તા.૧૯ / ૧૨ /૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

1. મેનેજરશ્રી ગવર્મેટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેંટ વડોદારા
   ૨/-ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા સારૂ
2. અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ, ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર.
3. પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન ગાંધીનગર.
4. કલેકટરશ્રી જિલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.
5. પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી ફોરેસ્ટ અને એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટ, બ્લોક નં. ૧૪, આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર
6. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
7. રજીસ્ટ્રારશ્રી સીવીલ અને સેશન કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ)
8. રજીસ્ટ્રારશ્રી સેશન કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ)
9. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા, અમદાવાદ (૨૫ નકલ)